**ફોજદારી કેસ નં. ૩૩૧૮૦/૨૦૨૧**

## આંક–૧ નીચે હુકમ

(૧) સદરહુ કેસમાં **આરોપીની સામે જુગાર ધારા કલમ – ૪,૫ તથા ઈ.પી.કો. કલમ – ૨૬૯,૧૮૮ તથા ડીઝાસ્ટર મેનેજમેન્ટ એક્ટની કલમ–૫૧(બી)** વગેરે મુજબના ગુન્હાના તહોમત અંગેનું ચાર્જશીટ રજુ કરવામાં આવેલ છે. આ અદાલત દ્વારા આરોપી હાજર ન રહેતો હોઈ અવાર નવાર સમંસ / પકડ વોરંટ તેના ચાર્જશીટમાં જણાવેલ સરનામા પર ઈસ્યુ કરી બજવણી અર્થે મોકલવામાં આવેલ છે. સદર પ્રોસ ેસની લાંબા સમયગાળાથી અમલવારી થઈ શકતી નથી. હાલનો કેસ જુનો છે તથા હાલના આરોપી પર સમન્સ/પ.વો. પણ ઘણા લાંબા સમયથી બજી શકતું નથી કે લાબા સમયગાળાથી આરોપીને એક વાર પણ પોલીસ એજન્સી અદાલત સમક્ષ ઉપસ્થિત કરી શકેલ નથી. આમ જોવામાં આવે તો પોલીસ એજન્સી આરોપીને આ અદાલત સમક્ષ હાજર રાખવામાં તદન નિષ્ફળ ગયેલ છે. સદર ગુન્હાની ગંભીરતા જોવામાં આવે તો તથા સજાની જોગવાઈ જોવામાં આવે તો સદર કેસમા પ્રોસેસ ઈસ્યુ કરવામાં આવેલ કેસનું રેકર્ડ જોતાં આરોપી પર ઘણા લાંબા સમયથી પ્રોસેસની બજવણી થઈ શકેલ નથી તેમજ હવે પછીના નજીકના ભવિષ્યમાં હાલના આરોપીની હાજરી ઉપલબ્ધ થઈ શકે તેવી કોઈ પરિસ્થિતિ જણાતી નથી. આરોપીના જામીનદાર પર પણ પોલીસ એજન્સી પ્રોસેસ બજવણી કરી અદાલત સમક્ષ ઉપસ્થિત રાખી શકવામાં નિષ્ફળ ગયેલ છે.

(૨) પી.રામચંદ્ર રાવ વિ.કર્ણાટક રાજ્ય–૨૦૦૨(૨) જી.એલ.આર.પાના નં.૧૫૪૯ ઉપર પ્રસિદ્ધ થયેલ નામ.સુપ્રિ.કોર્ટમાં માનનીય સાત ન્યાયાધિશોની બેંચે ઠરાવેલ છે કે ''The Criminal Courts should exercese their available powers, such as those under Sections 309, 311, 258 of the code of Criminal Procedure 1973 to effectuate the right to speedy trial'' આ ઉપરાંત આપણી નામ.હાઈકોર્ટના પત્ર નં.૨૯૧૭/૨૦૦૬, તા.૧૭.૧૦.૨૦૦૬ માં નામ.ગુજરાત હાઈકોર્ટ દ્વારા નિચલી અદાલતોને એવી સુચના આપવામાં આવેલ છે કે, આરોપીઓને અદાલત સમક્ષ હાજર રખાવવા બાબતે અદાલતો પોલીસતંત્રને મર્યાદિત તકો આપી યોગ્ય કિસ્સાઓમાં સી.આર.પી.સી.કલમ–૨૫૮ અન્વયે મળેલ સત્તાઓનો ઉપયોગ કરે.

વધુમાં નેશનલ લીગલ સર્વીસ ઓથોરોટી ના પત્ર જાવક નંબર એફ. નંબર એલ/૨૩/૨૦૧ ૪/નાલસા તારીખ ૨૦/ઓગષ્ટ/૨૦૧૪ મા આપેલ ગાઈડલાઈન ધ્યાનમા લેતા તેમા અદાલતને પડી

રહેલ ડેડવુડ જેવા કેસોનો ક્રીમીનલ પ્રોસીજર કોડ–૧૯૭૩ ની કલમ ૨૫૮ નીચે નીકાલ કરવા સુચના અપાયેલ છે.

(૩) આમ, કાયદાની ઉપરોક્ત પરિસ્થિતિના પ્રકાશમાં હાલના કેસના સંજોગો જોતાં, પોલીસતંત્ર આરોપીને અદાલત સમક્ષ હાજર રખાવવામાં નિષ્ફળ નિવડેલ છે જેથી હવે પોલીસતંત્રને વધુ સમય આપવો ઉચિત જણાતું નથી. આ સંજોગોમાં નીચે મુજબનો આખરી હુકમ કરું છું.

**–: હુ ક મ :–**

૧. કેસની ઈન્સાફી કાર્યવાહી ફોજદારી કાર્યરીતી સંહિતાની કલમ–૨૫૮ અન્વયે બંધ કરવાનો હુકમ ફરમાવવામાં આવે છે. વધુમાં સદર આરોપી મળી આવ્યેથી ફરીયાદપક્ષ આરોપી વિરૂધ્ધનો કેસ રી–ઓપન કરવાની કાયદાકીય કાર્યવાહી અનુસરી શકશે, તેવી પરવાનગી ક્રિ.પ્રો.કોડની કલમ–૩૦૦(૫) મુજબ આપવામાં આવે છે.

૨. સદર કામે જે આરોપીને જામીનગીરીની રોકડ રકમ જમાં કરાવેલી હોય તેવી રકમ સી.આર.પી.સી.ની કલમ–૪૪૬ મુજબ નાઝરશ્રીએ સરકારશ્રી ખાતે જમા લેવાનો હુકમ કરવામાં આવે છે.

૩. આ કામે કબજે લીધેલ મુદ્દામાલનો જો અગાઉ હુકમ થયેલ હોય તો તે કાયમ રાખવામાં આવે છે અન્યથા બાકી રહે મુદ્દામાલ તેમજ તેનો સરસામાન અપીલ સમય વિતે ક્રિમીનલ મેન્યુઅલની જોગવાઈ મુજબ નિકાલ કરવાનો હુકમ કરવામાં આવે છે.

આ હુકમ આજરોજ રોજ યોજવામાં આવેલ નેશનલ લોક–અદાલતના દિવસે જાહેર થયેલ સ્પેશીયલ સીટીંગમાં કરવામાં આવ્યો.

સ્થળ: સુરત
તા.૦૯/૦૯/૨૦૨૩

જ્યુડીશીયલ મેજીસ્ટ્રેટ ફર્સ્ટ કલાસ
(ફસ્ટ કોર્ટ) સુરત